# BKF
## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Assistant Manager, Class-3 (GSCSCL)** |
| **Advertisement No.** | **29/2024-25** |
| **Preliminary Test Held On** | **19-01-2025** |
| **Que. No** | **001-200** |
| **Publish Date** | **03-02-2025** |
| **Last Date to Send Suggestion (s)** | **06-02-2025** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 04-02-2025; 10:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શકશે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેકશન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 નો અમલ જમ્મુ અને કાશ્મીર સહિત સમગ્ર ભારતમાં કયા વર્ષથી શરૂ થયો?

(A) 1980
(B) 1979
(C) 2017
(D) 2019

2. આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 હેઠળ રચાયેલા સલાહકાર બોર્ડમાં ____________

(A) ત્રણ સભ્યો રહેશે જેઓ વડી અદાલતના ન્યાયાધીશ હોય અથવા તેવી લાયકાત ધરાવતા હોય.
(B) પાંચ સભ્યો રહેશે જેઓ વડી અદાલતના ન્યાયાધીશ હોય અથવા તેવી લાયકાત ધરાવતા હોય.
(C) ત્રણ સભ્યો રહેશે જેમાથી એક વડી અદાલતના ન્યાયાધીશ હોય.
(D) પાંચ સભ્યો રહેશે જેમાથી એક સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ હોય.

3. ઉચિત સરકારની સત્તાને આધીન, આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 મુજબ અટકાયતમાં લીધેલ વ્યક્તિને ________

(A) વધુમાં વધુ ત્રણ મહિના અટકાયતમાં રાખી શકાય.
(B) વધુમાં વધુ પિસ્તાળીસ દિવસ અટકાયતમાં રાખી શકાય.
(C) વધુમાં વધુ છ મહિના અટકાયતમાં રાખી શકાય.
(D) વધુમાં વધુ પંદર દિવસ અટકાયતમાં રાખી શકાય.

4. જ્યારે કોઈ વ્યક્તિને આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 હેઠળ અટકાયતમાં લેવામાં આવી હોય તો સક્ષમ અધિકારીએ, કલમ – 8 મુજબ, અટકાયતના કારણો અટકાયત થયેથી ________

(A) વધુમાં વધુ 5 દિવસ સુધીમાં અથવા આપવાદના સંજોગોમાં વધુમાં વધુ 10 દિવસમાં આપવા પડશે.
(B) વધુમાં વધુ 7 દિવસ સુધીમાં અથવા આપવાદના સંજોગોમાં વધુમાં વધુ 14 દિવસમાં આપવા પડશે.
(C) વધુમાં વધુ 10 દિવસ સુધીમાં અથવા આપવાદના સંજોગોમાં વધુમાં વધુ 15 દિવસમાં આપવા પડશે.
(D) વધુમાં વધુ 3 દિવસ સુધીમાં અથવા આપવાદના સંજોગોમાં વધુમાં વધુ 7 દિવસમાં આપવા પડશે.

5. આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 હેઠળના સલાહકાર બોર્ડ ના સભ્યોના અભિપ્રાયમાં મતભેદ આવે તો__________

(A) બોર્ડના ચેરમેનનો અભિપ્રાય એ બોર્ડનો અભિપ્રાય ગણવામાં આવશે.
(B) ઉચિત સરકારે વિટો પાવરનો ઉપયોગ કરવાનો રહેશે.
(C) તે બાબત મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ને સોંપવાની રહેશે.
(D) બોર્ડના બહુમતી સભ્યોનો અભિપ્રાય બોર્ડનો અભિપ્રાય ગણવામાં આવશે.

6. આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 મુજબ ઉચિત સરકારને માનવાને કારણ હોય કે જેની અટકાયતનો હુકમ થયેલ છે તે વ્યક્તિ ફરાર છે અથવા હુકમનો અમલ ના થાય તે માટે સંતાઈ ગયેલો છે તો ઉચિત સરકાર_____

(A) તે વ્યક્તિ જે વિસ્તારમાં રહેતી હોય ત્યાંના સંબંધિત પોલીસ અધિકારીને તે હકીકત અંગેનો લેખિત અહેવાલ કરશે.

(B) તે વ્યક્તિ જે વિસ્તારમાં રહેતી હોય ત્યાંના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ને તે હકીકત અંગેનો લેખિત અહેવાલ કરશે.

(C) તે વ્યક્તિ ફરાર થઈને અથવા સંતાઈ ગયેલ હોય તે વિસ્તારના સંબંધિત પોલીસ અધિકારીને તે હકીકત અંગેનો લેખિત અહેવાલ કરશે.

(D) તે વ્યક્તિ ફરાર થઈને અથવા સંતાઈ ગયેલ હોય તે વિસ્તારના સંબંધિત પોલીસ અધિકારીને તે હકીકત અંગેનો લેખિત અહેવાલ કરશે.

7. આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 પ્રમાણે કેન્દ્ર સરકારના જોઇન્ટ સચિવ અથવા રાજ્ય સરકારના સચિવ સિવાય પણ વ્યક્તિની અટકાયત કરવાનો હુકમ નીચે પૈકી કોણ કરી શકે?

(A) સેશન્સ જજ અથવા ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ કરી શકે છે.

(B) મામલતદાર અથવા પોલીસ ઈન્સ્પેક્ટર કરી શકે છે.

(C) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશ્નર કરી શકે છે.

(D) ઉપરના તમામ કરી શકે છે.

8. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 મુજબ “આવશ્યક ચીજ વસ્તુ” માટે કયો સંદર્ભ લેવાનો રહેશે?

(A) આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955ના પરિશિષ્ટ નો સંદર્ભ લેવાનો રહેશે.

(B) આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, 1980 ના પરિશિષ્ટ 1 નો સંદર્ભ લેવાનો રહેશે.

(C) આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955ના પરિશિષ્ટ 2 માં આપેલ યાદી નો સંદર્ભ લેવાનો રહેશે.

(D) આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955ના આપેલ પુરવણી યાદી સંદર્ભે મુદ્દા નંબર ૪૫ માં જણાવ્યા મુજબનો સંદર્ભ લેવાનો રહેશે.

9. નીચેના પૈકી કઈ ચીજ-વસ્તુ આવશ્યક ચીજ-વસ્તુમાં સમાવિષ્ટ નથી?

(A) પેટ્રોલિયમ

(B) શણના બીજ

(C) કપાસના બીજ

(D) કાગળ

10. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955મા આવશ્યક ચીજ-વસ્તુમાં કોઈ વસ્તુ ઉમેરવા કે દૂર કરવા માટેનું નોટિફિકેશન _________

(A) રાજ્ય સરકારે ઓફિશિયલ ગેજેટમાં બહાર પાડવાનું રહેશે.

(B) કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર સાથે મસલત કરીને ઓફિશિયલ ગેજેટમાં બહાર પાડવાનું રહેશે.

(C) કેન્દ્ર સરકારે ઓફિશિયલ ગેજેટમાં બહાર પાડવાનું રહેશે.

(D) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સાથે મસલત કરીને ઓફિશિયલ ગેજેટમાં બહાર પાડવાનું રહેશે.

11. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 પ્રમાણે આવશ્યક ચીજ-વસ્તુમાં કોઈ વસ્તુ ઉમેરવા કે દૂર કરવા માટે બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન જારી કર્યા બાદ ___________

(A) શક્ય એટલું ત્વરિત સંસદના બંને ગૃહ સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(B) વધુમાં વધુ 6 મહિનામાં સંસદના બંને ગૃહ સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(C) શક્ય એટલું ત્વરિત એક તૃત્યાંશ રાજ્યની વિધાન સભા સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(D) વધુમાં વધુ 6 મહિનામાં બે તૃતીયાંશ રાજ્યની વિધાન સભા સમક્ષ રજૂ કરવાનું રહેશે.

12. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955ની કલમ 6A મુજબના જપ્તીના હુકમથી નારાજ થયેલ વ્યક્તિએ _________

(A) તે હુકમની તેને જાણ થયા તારીખ થી 45 દિવસમાં અપીલ કરવાની રહેશે.

(B) તે હુકમની તેને જાણ થયા તારીખ થી 15 દિવસમાં અપીલ કરવાની રહેશે.

(C) તે હુકમની તેને જાણ થયા તારીખ થી 1 મહિનામાં અપીલ કરવાની રહેશે.

(D) તે હુકમની તેને જાણ થયા તારીખ થી 3 મહિનામાં અપીલ કરવાની રહેશે.

13. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955ની કલમ 3 ની સમજૂતી મુજબ "ઉત્પાદક" એટલે?

(A) શણમાથી દોરી ના ઉત્પાદનના ધંધામાં રોકાયેલ વ્યક્તિ.

(B) ખાંડ ઉત્પાદનનો ધંધો કરવામાં રોકાયેલ વ્યક્તિ.

(C) કપાસનું ઉત્પાદન કરવામાં રોકાયેલ વ્યક્તિ.

(D) ઉપરોક્ત તમામ.

14. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 મુજબ "ખાંડ" માં શેનો સમાવેશ થતો નથી?

(A) ખાંડસરી

(B) 65 ટકાથી વધારે સુકરોઝ વાળી ખાંડ

(C) બૂરૂં ખાંડ

(D) ક્રિસ્ટલ ખાંડ

15. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 ની કલમ 6(ગ) અન્વયે કલમ 6 (ક) હેઠળના જપ્તીનાં હુકમથી નારાજ થયેલ વ્યક્તિ નીચે પૈકી કોની સમક્ષ અપીલ કરી શકશે?

(A) રાજ્ય સરકાર

(B) કેન્દ્ર સરકાર

(C) હાઈકોર્ટ

(D) કલેકટર

16. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 ની કલમ ૬(ક) હેઠળ જપ્ત કરેલ આવશ્યક ચીજ વસ્તુ કબજે કરવામાં આવ્યા બાદ તે સંદર્ભનો કબજે કર્યાનો રીપોર્ટ કોને કરવાનો રહે છે?

(A) રાજ્ય સરકાર

(B) અન્ન નાગરિક પુરવઠા મંત્રાલય

(C) જીલ્લા અથવા પ્રેસીડન્સી શહેરના કલેક્ટર

(D) ઉપરોક્ત પૈકી કોઈને પણ નહિ

17. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 ની કલમ ૧૬ (૧)ક થી નીચે પૈકી કયો કાયદો રદ્દ કરવામાં આવેલ છે?

(A) આવશ્યક ચીજવસ્તુ વટહુકમ ૧૯૫૫

(B) આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારો ૧૯૫૪

(C) આવશ્યક ચીજવસ્તુ નિયમન અધિનિયમ ૧૯૫૫

(D) આવશ્યક ચીજવસ્તુ વિતરણ અને સંરક્ષણ ધારો ૧૯૫૪

18. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 ની કલમ ૧૦-ગ(૧) મુજબ આરોપીના પક્ષે ગુનાહિત માનસિક સ્થિતિમાં નીચે પૈકી શેનો સમાવેશ થાય છે?

(A) હકીકતનું સાધન

(B) ઈરાદો

(C) હેતુ

(D) ઉપરોક્ત પૈકી તમામ

19. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 ની કલમ ૧(ક) મુજબ આવશ્યક ચીજવસ્તુમાં નીચે પૈકી શેનો સમાવેશ થતો નથી?

(A) ઢોર માટે ઘાસચારો

(B) ઓટોમોબાઈલસનાં અંગભૂત ભાગો

(C) સુતરાઉ અને ગરમ કાપડ

(D) દૂધ અને તેની બનાવટો

20. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 અન્વયે આવશ્યક ચીજવસ્તુઓનાં ઉત્પાદન પુરવઠા, વહેંચણી વિગેરે પર નિયંત્રણ મુકવા સંબંધી જોગવાઈ કરવી જરૂરી લાગે તો નીચે પૈકી કોણ હુકમ કરીને તેમ કરી શકશે?

(A) રાજ્ય સરકાર

(B) કેન્દ્ર સરકાર

(C) ઉપરોક્ત પૈકી બંને સંયુક્ત રીતે

(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહિ

21. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે પુખ્તવયની વ્યક્તિ એટલે એવી વ્યક્તિ કે જેની ઉંમરના નીચે પૈકી કેટલા વર્ષ પૂર્ણ કર્યા હોય?

(A) ૧૫ વર્ષ

(B) ૧૬ વર્ષ

(C) ૧૮ વર્ષ

(D) ૨૦ વર્ષ

22. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે નીચે પૈકી શેનો સમાવેશ "વેતન" માં થાય છે?

(A) ઘરભાડાના ભથ્થા

(B) મુસાફરી ભથ્થા

(C) વીમાયોજના હેઠળ આપેલ ફાળાની રકમ

(D) ડોકટરી સારવારની કિંમત

23. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે કોઈ એક ધંધામાં ન્યુનતમ કેટલી સંખ્યા થી ઓછા કામદારો હોય તો તે ધંધાપૂરતા લઘુત્તમ વેતનના દરો નક્કી કરવાનો અધિકાર સંબંધિત સરકાર ધરાવે છે?

(A) ૫૦૦

(B) ૧૦૦૦

(C) ૧૫૦૦

(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહિ

24. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે ઉચિત સરકાર નીચે પૈકી કયા સંદર્ભે લઘુત્તમ વેતનના દરો નક્કી કરી શકે છે?

(A) ટાઈમ વર્ક

(B) છુટક કામ

(C) ટાઈમ વર્ક ઓવર ટાઈમ

(D) ઉપરોક્ત પૈકી તમામ

25. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે કલમ ૭ મુજબ સલાહકાર મંડળ નીમવાની સત્તા નીચે પૈકી કોને છે?

(A) કેન્દ્ર સરકાર

(B) ઉચિત સરકાર

(C) કમિશ્નર શ્રી લેબર વેલ્ફેર

(D) ઉપરોક્ત પૈકી તમામ

26. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે નીચે પૈકી કોનો સમાવેશ "કામદાર" ની વ્યાખ્યામાં થાય છે?

(A) ધંધામાં કુશળતા ધરાવતી વ્યક્તિ

(B) ધંધામાં કુશળતા ન ધરાવતી વ્યક્તિ

(C) શારીરિક કે કારકુની કામે રાખેલ વ્યક્તિ

(D) ઉપરોક્ત પૈકી તમામ

27. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે વેતનના લઘુત્તમ દરો નક્કી કરવા ઉચિત સરકાર કલમ ૩ મુજબ સામાન્ય રીતે કેટલા સમયના અંતરે ફેરવિચારણા કરશે?

(A) દર એક વર્ષના સમયમાં

(B) દર ત્રણ વર્ષના સમયમાં

(C) દર પાંચ વર્ષના સમયમાં

(D) દર સાત વર્ષના સમયમાં

28. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ની કલમ ૨૨ અન્વયે સજાની શું જોગવાઈઓ છે?

(A) ૩ માસની કેદ ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(B) ૬ માસની કેદ ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(C) ૩ માસની કેદ ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(D) ૬ માસની કેદ ૧૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

29. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ અન્વયે નીચે મુજબ કઈ કલમ થી કંપનીઓએ કરેલ ગુનાઓ માટે જવાબદાર વ્યક્તિને શિક્ષા કરવા બાબતની જોગવાઈઓ જણાવેલ છે?

(A) કલમ ૨૨ A
(B) કલમ ૨૨ B
(C) કલમ ૨૨ C
(D) કલમ ૨૨ D

30. લઘુત્તમ વેતન ધારો ૧૯૪૮ હેઠળ વસ્તુના સ્વરૂપમાં વેતન અંગેની જોગવાઈઓ નીચે પૈકી કઈ કલમથી સ્થાપિત થાય છે?

(A) કલમ ૧૧
(B) કલમ ૧૨
(C) કલમ ૧૩
(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહિ

31. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ અન્વયે ગ્રેજયુઇટી મેળવવવા માટે કામદારે ઓછામાં ઓછી કેટલી નોકરી પૂરી કરેલી હોવી જોઇએ?

(A) ૬ માસ
(B) ૧ વર્ષ
(C) ૩ વર્ષ
(D) ૫ વર્ષ

32. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ અન્વયે ખાણ કામદારની બાબતમાં સળંગ નોકરી ગણવા માટે જે સંસ્થા અઠવાડિયામાં ૬ થી ઓછા દિવસો કામ કરે છે તેમાં કામદારે આગળના બાર માસનાં સમયમાં ઓછામાં ઓછા કેટલા સમય માટે કામ કરેલું હોવું જોઇએ?

(A) ૧૨૦ દિવસ
(B) ૧૯૦ દિવસ
(C) ૨૪૦ દિવસ
(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહિ

33. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ અન્વયે “નિવૃત્તિ” એટલે?

(A) વૃદ્ધાવસ્થાનાં કારણે નિવૃત્ત થવું
(B) વૃદ્ધાવસ્થાનાં કારણ સિવાય નોકરીનો અંત
(C) ઉપરોક્ત પૈકી બંને
(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહિ

34. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ અન્વયે કામદારને કલમ ૭ (૧) મુજબ ગ્રેજયુઇટી ચુકવવાની થાય ત્યારથી તેને કેટલા સમયમાં કયા ફોર્મ માં અરજી કરવી જોઈશે?

(A) ૧૫ દિવસમાં ફોર્મ “જી”
(B) ૩૦ દિવસમાં ફોર્મ “કે”
(C) ૧૫ દિવસમાં ફોર્મ “એ”
(D) ૩૦ દિવસમાં ફોર્મ “આઈ”

35. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ ની કલમ ૬ મુજબ કેટલી નોકરી પૂરી કરનાર કામદાર કલમ-૪(૧) નાં બીજા પ્રબંધ ના હેતું માટે નોમીનીની નિમણુક કરી શકે છે?

(A) ૬ માસ
(B) ૧૨ માસ
(C) ૧૮ માસ
(D) ૨૪ માસ

36. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ ની કલમ ૭ (A) અન્વયે આ કાયદાનાં હેતુ માટે ઉચિત સરકાર નીચે પૈકી કેટલા નિરીક્ષકોની નિમણુક કરી શકે છે?

(A) ઓછા માં ઓછા ૨
(B) વધુમાં વધુ ૫
(C) પોતાને યોગ્ય લાગે તેટલા
(D) નીમવાની સત્તા જ નથી

37. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ ની કલમ ૮ અન્વયે માલિક દ્વારા ગ્રેજયુઇટી ચૂકવવામાં કસુર કર્યેથી માલિક પાસેથી રકમની અંતિમ વસુલાત નીચે પૈકી કોણ કરશે?

(A) અંકુશ ધરાવનાર વ્યક્તિ
(B) નિરીક્ષક
(C) ખાસ અદાલત
(D) કલેકટર

38. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ અન્વયે ગ્રેજયુઇટીની રકમમાં તકરાર બાબતે અંકુશ અધિકારીએ આપેલ નિર્ણય સામે કેટલા સમય માં અપીલ કરી શકાય છે?

(A) ૩૦ દિવસમાં
(B) ૬૦ દિવસમાં
(C) ૯૦ દિવસમાં
(D) અપીલ થવા પાત્ર નથી

39. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ કલમ ૪ – એ અન્વયે “ફરજીયાત વીમો” બાબતની જોગવાઈ કયા વર્ષથી દાખલ કરવામાં આવી છે?

(A) ૧૯૮૫
(B) ૧૯૮૭
(C) ૧૯૮૯
(D) ૧૯૯૧

40. ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ અન્વયે ચુકવવાની ગ્રેજયુઇટીની રકમ ટાળવાના હેતુથી જે કોઈ માલિક આ કાયદાની કોઈપણ જોગવાઈઓનો ભંગ કરે તો નીચે પૈકી કઈ સજાની જોગવાઈઓ છે?

(A) ૩ માસથી ઓછી નહિ પરંતુ ૬ માસ સુધીની કેદ
(B) ૩ માસથી ઓછી નહિ પરંતુ ૧ વર્ષ સુધીની કેદ
(C) ૬ માસથી ઓછી નહિ પરંતુ ૧ વર્ષ સુધીની કેદ
(D) ૬ માસથી ઓછી નહિ પરંતુ ૨ વર્ષ સુધીની કેદ

41. બાર કોર્ડડ રેશન કાર્ડમાં કેટલી શ્રેણીઓ ઉપલબ્ધ છે?

(A) ૨
(B) ૩
(C) ૪
(D) ૫

42. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ અન્વયે ગ્રામ્ય વિસ્તાર માટે અગ્રીમતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા માટેના ધોરણોની આવક મર્યાદામાં ફેરફાર કરી તાજેતરમાં નીચે પૈકી નવી આવક મર્યાદા કઈ નક્કી કરવામાં આવી છે?

(A) કુટુંબની વાર્ષિક આવક ૧૨૦૦૦૦
(B) કુટુંબની વાર્ષિક આવક ૧૬૦૦૦૦
(C) કુટુંબની વાર્ષિક આવક ૨૪૦૦૦૦
(D) કુટુંબની વાર્ષિક આવક ૨૬૦૦૦૦

43. એક્સ્પ્રેસ ન્યુઝ પેપર પ્રા. લીમીટેડ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ના કેસમાં વેતન સંદર્ભે નીચે પૈકી કયા વેતનના સંબંધમાં સુપ્રીમ કોર્ટે વેતનની વિગતવાર સમજ આપી હતી?

(A) નિર્વાહ વેતન
(B) યોગ્ય વેતન
(C) લઘુત્તમ વેતન
(D) ઉપરોક્ત પૈકી તમામ

44. ભારત સરકારે તા.૦૨/૦૫/૧૯૫૬ ના રોજ જાહેરનામું બહાર પાડી પત્રકારોને વેતન નિર્ધારણ અર્થે વેતન પંચની રચના કરી હતી તેના અધ્યક્ષ નીચે પૈકી કોણ હતા?

(A) એચ વી દિવેટિયા
(B) સી. રાઘવન
(C) જી એન આચાર્ય
(D) એ આર ભટ્ટ

45. લઘુત્તમ વેતન ધારા અન્વયે કોઈ કામદાર બે કે તેથી વધારે પ્રકારનું કામ કરે તો દરેક કામ માટે લઘુત્તમ વેતનની જોગવાઈ આ કાયદાની કઈ કલમથી સ્થાપિત થયેલ છે?

(A) કલમ ૧૪
(B) કલમ ૧૫
(C) કલમ ૧૬
(D) કલમ ૧૭

46. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ મુજબ લાયકાત ધરાવતા પરિવારોને કલમ ૩ હેઠળ સબસિડીવાળા ભાવે ____ રૂપિયા પ્રતિ કિલો ચોખા, ____ રૂપિયા પ્રતિ કિલો ઘઉં અને ____ રૂપિયા પ્રતિ કિલો બરછટ અનાજની શરૂઆતની તારીખથી ત્રણ વર્ષ સુધીના સમયગાળા માટે અનાજ મેળવવા માટે હકદાર રહેશે.

(A) ₹૫, ₹૩, અને ₹૧
(B) ₹૩, ₹૨, અને ₹૧
(C) ₹૪, ₹૨, અને ₹૨
(D) ₹૨, ₹૨, અને ₹૨

47. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ, ખોરાક વિતરણ માટે પાત્ર પરિવારોને ઓળખવા માટે કોણ જવાબદાર છે?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) સ્થાનિક સત્તાવાળાઓ
(D) વાજબી ભાવની દુકાનો

48. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અનુસાર, પ્રાથમિકતા ધરાવતા પરિવારો માટે દર મહિને વ્યક્તિ દીઠ અનાજનો લઘુત્તમ હક કેટલો છે?

(A) ૧૦ કિગ્રા
(B) ૨ કિગ્રા
(C) ૫ કિગ્રા
(D) ૧૫ કિગ્રા

49. ત્રણ વર્ષથી ઉપર છ વર્ષ સુધીના બાળકો માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ કયો પોષણ આધાર પૂરો પાડવામાં આવે છે?

(A) માત્ર સવારનો નાસ્તો
(B) માત્ર ઘરે લઈ જવાનું રાશન
(C) સવારનો નાસ્તો અને ગરમ રાંધેલું ભોજન
(D) માત્ર ગરમ રાંધેલું ભોજન

50. અનાજના ઓછા પુરવઠાના કિસ્સામાં, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને શું પ્રદાન કરવાની જરૂર છે?

(A) કેન્દ્રીય પૂલમાંથી વધારાનો ખોરાક

(B) ટૂંકા પુરવઠાને પહોંચી વળવા માટે ભંડોળ

(C) ખોરાકની ખરીદી માટે વાઉચર

(D) યોગ્ય પરિવારોને સીધા ખોરાકનું હસ્તાંતરણ

51. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ મુજબ ૩ વર્ષથી ઉપર ૬ વર્ષ સુધીની વયના કુપોષિત બાળકોને દરરોજ આપવામાં આવતી કેલરી કેટલી છે?

(A) ૫૦૦ કેલરી

(B) ૪૫૦ કેલરી

(C) ૮૦૦ કેલરી

(D) ૬૦૦ કેલરી

52. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ માં કઈ અનુસૂચિ અનાજની પ્રાપ્તિ અને સંગ્રહ માટેની જોગવાઈઓને આવરી લે છે?

(A) અનુસૂચિ ૨

(B) અનુસૂચિ ૩

(C) અનુસૂચિ ૪

(D) અનુસૂચિ ૧

53. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ "વરિષ્ઠ નાગરિક" તરીકે કોણ લાયક ઠરે છે?

(A) ૬૫ કે તેથી વધુ ઉંમરના કોઈપણ

(B) માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના જાળવણી અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ દ્વારા વ્યાખ્યાયિત

(C) રાજ્યના નિયમો દ્વારા નિર્ધારિત

(D) ૭૦ થી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ

54. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ મુજબ એક વર્ષથી વધુ ત્રણ વર્ષ સુધીના કુપોષિત બાળકો માટે ઝીંકની જરૂરિયાત શું છે?

(A) ૨.૦ મિલિગ્રામ

(B) ૧.૫ મિલિગ્રામ

(C) ૧.૦ મિલિગ્રામ

(D) ૦.૭ મિલિગ્રામ

55. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ 'ભોજન'ને આ રીતે વ્યાખ્યાયિત કરે છે:

(A) કોઈપણ રાંધેલ ખોરાક

(B) માત્ર ઘરે લઈ જવા માટેનું રાશન

(C) ગરમ રાંધેલું અથવા અગાઉથી રાંધેલું અને ગરમ કરેલું ભોજન અથવા ઘરે લઈ જવા માટેનું રાશન

(D) માત્ર ગરમ રાંધેલો ખોરાક

56. ડિસેમ્બર 2023 સુધી લાભાર્થીઓ માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અનાજની નવીનતમ જોગવાઈ શું છે?

(A) બધા લાભાર્થીઓને દર મહિને ૧૦ કિલો અનાજ મફતમાં મળે છે

(B) અંત્યોદય પરિવારોને માસિક ૩૫ કિલો મફત મળે છે; અન્યોને માસિક ૫ કિલો મળે છે

(C) માત્ર પ્રાથમિકતા ધરાવતા પરિવારોને જ સબસિડીવાળા દરે મફત અનાજ મળે છે

(D) કવરેજ ગ્રામીણ માટે ઘટાડીને ૬૦% અને શહેરી વસ્તી માટે ૪૦% કરવામાં આવ્યું છે

57. મે ૧૯૯૭માં ________ અને ________ રાજ્યોમાં લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (TPDS) લાગુ કરવામાં આવી હતી.

(A) હરિયાણા અને ત્રિપુરા

(B) ગુજરાત અને રાજસ્થાન

(C) કેરલ અને કર્ણાટક

(D) બિહાર અને પંજાબ

58. વર્ષ ૧૯૯૭-૯૮ ના અંદાજ પત્ર અનુસાર લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (TPDS)ની આવશ્યક વિશેષતા એ છે કે, ભારત સરકાર ગરીબી રેખા હેઠળના અધિકૃત અંદાજિત પરિવારોથી નીચે આવતી વસ્તીને વિશેષ સબસિડીવાળા ભાવે દર મહિને ________ કિલોગ્રામના ધોરણે અનાજની જરૂરિયાતને પહોંચી વળવા રાજ્યોને અનાજ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

(A) ૨૫

(B) ૧૫

(C) ૧૦

(D) ૫

59. અંત્યોદય અન્ન યોજના (AAY) હાલમાં ____________ નો ભાગ છે.

(A) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫

(B) ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬

(C) ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯

(D) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩

60. અંત્યોદય અન્ન યોજના (AAY) ________________ ના રોજ શરૂ કરવામાં આવી હતી.

(A) ૨૫મી ડિસેમ્બર ૨૦૦૦

(B) ૫મી ડિસેમ્બર ૧૯૯૮

(C) ૧લી જાન્યુઆરી ૧૯૯૬

(D) ૪ થી જુન ૨૦૧૪

61. અગ્રતા ધરાવતા કુટુંબો, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, જેમણે વર્ષ ૨૦૧૧ માં તેમની વાર્ષિક આવક એક નિયત ફોર્મમાં જાહેર કરી હતી તેમને શહેરી વિસ્તારમાં ________ થી વધુ અને ગ્રામીણ વિસ્તારમાં __________ થી વધુ ન હોય તેવી વાર્ષિક આવક ધરાવતા કુટુંબોને અગ્રતા ધરાવતા કુટુંબ કાર્ડ્સ હેઠળ લાભ મેળવવા માટે પાત્ર હતા. Cancelled

(A) ૫૯૦૦૦, ૪૪૦૦૦

(B) ૬૯૦૦૦, ૫૪૦૦૦

(C) ૭૯૦૦૦, ૬૪૦૦૦

(D) ૮૯૦૦૦, ૭૪૦૦૦

62. "અગ્રતા ધરાવતા કુટુંબો" નું સ્ટેમ્પિંગ લાભાર્થીઓના _________ રેશન કાર્ડના પ્રથમ પૃષ્ઠની ઉપર _________ બાજૂએ કરવામાં આવે છે. Cancelled

(A) સફેદ , જમણી
(B) ભૂરો, ડાબી
(C) કેસરી, જમણી
(D) પીળો, ડાબી

63. કયું સરકારી મંત્રાલય સંકલિત બાળ વિકાસ યોજના ના અમલીકરણની દેખરેખ રાખે છે?

(A) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(B) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
(C) શિક્ષણ મંત્રાલય
(D) ગ્રામીણ વિકાસ મંત્રાલય

64. નીચેનામાંથી કયો સંકલિત બાળ વિકાસ યોજનાનો ઉદ્દેશ્ય નથી?

(A) ૦-૬ વર્ષની વય જૂથના બાળકોના પોષણ અને આરોગ્યની સ્થિતિ સુધારવા માટે.
(B) બાળકના યોગ્ય મનોવૈજ્ઞાનિક, શારીરિક અને સામાજિક વિકાસ માટે પાયો નાખવો.
(C) મૃત્યુદર, રોગિષ્ઠતા, કુપોષણ અને શાળા છોડી દેવાની ઘટનાઓ ઘટાડવા માટે.
(D) પ્રજનનક્ષમ વયની સ્ત્રીઓમાં કુટુંબ નિયોજન પ્રથાઓને પ્રોત્સાહન આપવા.

65. અન્નપૂર્ણા યોજના હેઠળ લાભાર્થીને દર મહિને _____ કિલો અનાજ મફત આપવામાં આવે છે.

(A) ૫
(B) ૧૦
(C) ૧૫
(D) ૨૫

66. અન્નપૂર્ણા યોજના હેઠળ લાભ લેવા માટે અરજદારની ઉંમર ______ કે તેથી વધુ હોવી જોઈએ.

(A) ૪૦
(B) ૪૫
(C) ૫૫
(D) ૬૫

67. ગુજરાત રાજ્યમાં સામાન્ય રીતે વાજબી ભાવની દુકાન માટે ગ્રામ્ય વિસ્તારમાં દર ______ની વસ્તીએ એક વાજબી ભાવની દુકાન જયારે શહેરી વિસ્તાર માટે _______ની વસ્તીએ એક વાજબી ભાવની દુકાન આવેલ છે.

(A) ૫૦૦૦, ૧૦૦૦૦
(B) ૩૦૦૦, ૭૦૦૦
(C) ૨૦૦૦, ૫૦૦૦
(D) ૧૦૦૦, ૩૦૦૦

68. નાણાપંચના અધ્યક્ષ તરીકે નીચેના લોકોની નિમણૂકનો ક્રમ જણાવો:

a. કે.સી. નેઓગી
b. કે. બ્રહ્માનંદ રેડ્ડી
c. એન.કે.પી. સાલ્વે
d. એ.કે. ચંદા

(A) a, c, b, d
(B) a, d, b, c
(C) b, c, d, a
(D) c, a, d, b

69. નીચે બે નિવેદનો આપવામાં આવ્યા છે:

વિધાન ૧: નાણાકીય નીતિ તેના પોતાના પર આર્થિક વૃદ્ધિને પ્રભાવિત કરી શકતી નથી પરંતુ માત્ર અનુકૂળ પરિબળો બનાવીને તેને સમર્થન આપી શકે છે.

વિધાન ૨: નાણાકીય નીતિ દરોમાં ફેરફાર સમગ્ર બજારોમાં પ્રસારિત થાય છે અને છેવટે ધિરાણ દરો, મોર્ટગેજ દરો અને ઉપજમાં પ્રતિબિંબિત થાય છે. તેથી, નાણાકીય નીતિ વર્તમાન ફુગાવાને સંબોધિત કરી શકે છે.

ઉપરોક્ત નિવેદનોના પ્રકાશમાં, નીચેના વિકલ્પોમાંથી સૌથી યોગ્ય જવાબ પસંદ કરો:

(A) વિધાન ૧ અને વિધાન ૨ બંને સાચા છે.

(B) વિધાન ૧ અને વિધાન ૨ બંને ખોટા છે.

(C) વિધાન ૧ સાચું છે પણ વિધાન ૨ ખોટું છે.

(D) વિધાન ૧ ખોટું છે પણ વિધાન ૨ સાચું છે

70. જો રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા રોકડ અનામત ગુણોત્તર ઘટાડે છે, તો શાખ સર્જનનું શું થશે?

(A) કોઈ અસર થશે નહીં.

(B) તે ઘટશે.

(C) તે વધશે.

(D) તે શૂન્ય થશે.

71. ભારત સરકારના બજેટમાં નીચેનામાંથી કઈ વસ્તુઓને મૂડી રસીદ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે?

(A) આવકવેરાની વસૂલાતમાંથી મળેલી રસીદો

(B) સરકાર દ્વારા જનતા પાસેથી લીધેલ ઉધાર

(C) જાહેર ક્ષેત્રના એકમો પાસેથી મળેલ ડિવિડન્ડ અને નફો

(D) સરકાર દ્વારા તેના દેવાદારોને આપવામાં આવેલી લોન માટે વ્યાજની રસીદો

72. નીચેનામાંથી કયું ભારત સરકારની મહેસૂલ આવકનો ભાગ નથી?

(A) તેના દેવાદારો પાસેથી વ્યાજની રકમની વસૂલાતની રસીદો

(B) કોર્પોરેટ ટેક્સની વસૂલાતમાંથી મળેલી રસીદો

(C) જાહેર ક્ષેત્રના એકમો પાસેથી મળેલ ડિવિડન્ડ અને નફો

(D) જાહેર ક્ષેત્રના ઉપક્રમોના વિનિવેશની રસીદો

73. નીચેનામાંથી કયો મૂડી ખર્ચ નથી?

(A) સરકારી કર્મચારીઓને ચૂકવવામાં આવતો પગાર

(B) ભારત બહારથી મશીનની ખરીદી

(C) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ પાસેથી લીધેલી લોનની ચુકવણી

(D) રાષ્ટ્રીય દેવું પર ચૂકવવામાં આવેલ વ્યાજ

74. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

(A) ચાલુ વર્ષનો લાભ મેળવવા માટેનો ખર્ચ એ આવક ખર્ચ છે.

(B) સદ્ભાવના પ્રાપ્ત કરવા માટે ચૂકવવામાં આવતી રકમ મૂડી ખર્ચ છે.

(C) નવા મશીનની સ્થાપના માટે ચૂકવવામાં આવેલ વેતન સામાન્ય રીતે વેતન ખાતામાં ઉધારવામાં આવે છે.

(D) મહેસૂલ ખર્ચનો હેતુ ભવિષ્યના સમયગાળાને લાભ આપવાનો નથી.

75. જાહેર દેવું ઉડાઉપણું તરફ દોરી જાય છે, યુદ્ધનો આશરો લે છે અને ખરાબ આર્થિક સ્થિતિને પ્રેરિત કરે છે. આ નિવેદન કોણે આપ્યું છે:

(A) ડાલ્ટન

(B) એડમ સ્મિથ

(C) જે.કે. મહેતા

(D) ફાઇન્ડલી શિરસ

76. વેગનરનો નિયમ ___________ થી સંબંધિત છે:

(A) જાહેર આવક

(B) જાહેર ખર્ચ

(C) જાહેર દેવું

(D) બજેટ

77. ભારત માટે ખર્ચ કરની ભલામણ ___________ દ્વારા કરવામાં આવી હતી:

(A) કાલડોર

(B) કોલિન ક્લાર્ક

(C) એડમ સ્મિથ

(D) એડોલ્ફ વેગનર

78. લેફરના મતે, જ્યારે કરનો દર 100 ટકા હશે, ત્યારે કરની આવક કેટલી થશે?

(A) 100%

(B) 50%

(C) શૂન્ય

(D) 10%

79. નાણાંના બદલાવના દર, વેતન અને બેરોજગારીના દર વચ્ચે અનુભવાત્મક રીતે બંધાયેલ સંબંધને શું કહેવાય છે?

(A) ફ્રીડમેનનો નમુનો

(B) કેઈન્સનો નમુનો

(C) બોમલની પરિકલ્પના

(D) ફીલીપ્સ વક્ર

80. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ, ૩૧ માર્ચ ૨૦૨૧, સુધીમાં રાજકોષીય ખાધમાં લક્ષિત ઘટાડો કેટલો છે?

(A) જીડીપીના ૨%

(B) જીડીપીના ૩%

(C) જીડીપીના ૪%

(D) જીડીપીના ૫%

81. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ મધ્યમ-ગાળાની રાજકોષીય નીતિ નિવેદન અંતર્ગત ધારણાઓના સ્પષ્ટીકરણ સાથે નિર્ધારિત રાજકોષીય નિર્દેશકો માટે _________ વર્ષનો રોલિંગ લક્ષ્ય નિર્ધારિત કરશે.

(A) એક
(B) ત્રણ
(C) પાંચ
(D) સાત

82. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ નીચેના પૈકી; કેન્દ્ર સરકાર દ્વારા દરેક નાણાકીય વર્ષમાં રાજકોષીય નીતિનું કયું નિવેદન વાર્ષિક નાણાકીય નિવેદન સાથે સંસદના બંને ગૃહો સમક્ષ મૂકવું જોઈએ નહીં?

(A) મધ્યમ ગાળાના નાણાકીય નીતિ નિવેદન
(B) નાણાકીય નીતિ વ્યૂહરચના નિવેદન
(C) સમગ્ર આર્થિક માળખાનું નિવેદન
(D) જાહેર દેવું વ્યવસ્થાપન નિવેદનો

83. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ની પેટા-કલમ (2) હેઠળ રાજકોષીય ખાધ લક્ષ્યાંકમાંથી કોઈપણ વિચલન એક વર્ષમાં કુલ ઘરેલુ ઉત્પાદનના _______ ટકાથી વધુ ન હોવું જોઈએ.

(A) અડધા
(B) બે
(C) ત્રણ
(D) પાંચ

84. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ના પાલનની સમીક્ષા કરવા માટે કોણ જવાબદાર છે?

(A) ભારતના રાષ્ટ્રપતિ
(B) નાણા મંત્રાલય
(C) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ
(D) સંસદ

85. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ "વાસ્તવિક કુલ ઘરેલું ઉત્પાદન" એટલે કે કુલ ઘરેલુ ઉત્પાદન, જે _________ ભાવો પર ગણવામાં આવે છે, કે જે સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ દ્વારા સમયાંતરે પ્રકાશિત કરવામાં આવે છે.

(A) સ્થિર
(B) ચાલુ
(C) બજાર
(D) અનંત

86. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ કોઈપણ નાણાકીય વર્ષમાં રોકડ રસીદો પર અસ્થાયી વધારાની રોકડ વિતરણને પહોંચી વળવા માટે રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલ કોઈપણ એડવાન્સ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ની (૧૯૩૪ ના ૨) કલમ _________ ની પેટા-કલમ _______ માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર ચૂકવવાપાત્ર રહેશે.

(A) કલમ ૧૨, પેટા-કલમ (૧)
(B) કલમ ૧૪, પેટા-કલમ (૨)
(C) કલમ ૧૫, પેટા-કલમ (3)
(D) કલમ ૧૭, પેટા-કલમ (૫)

87. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ નાણા મંત્રાલયના __________ બજેટના સંબંધમાં આવક અને ખર્ચના વલણોની સમીક્ષા કરશે અને આવી સમીક્ષાઓના પરિણામને સંસદના બંને ગૃહો સમક્ષ મૂકશે.

(A) સચિવ
(B) પ્રમુખ
(C) પ્રભારી મંત્રી
(D) સભ્ય

88. નાણાકીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ મુજબ સમગ્ર આર્થિક માળખાનું નિવેદન અંતર્ગત ધારણાઓના સ્પષ્ટીકરણ સાથે ____________ની સંભાવનાઓનું મૂલ્યાંકન હોવું જોઈએ.

(A) અર્થતંત્રની વૃદ્ધિ
(B) રાજકોષીય નીતિ
(C) નાણાકીય નીતિ
(D) અંતરરાષ્ટ્રીય વેપાર

89. નીચેનામાંથી કયું ભારતના સંકલિત ભંડોળમાં આવક તરીકે સામેલ નથી?

(A) પ્રત્યક્ષ કરમાંથી આવક
(B) વિનિવેશમાંથી પ્રાપ્ત થતી આવક
(C) સરકારી સેવાઓમાંથી આવક
(D) વિદેશી સરકારો તરફથી અનુદાન

90. નીચેનામાંથી કયું ભારતના સંકલિત ભંડોળ મુજબ બિન-મતપાત્ર શુલ્કનું ઉદાહરણ નથી?

(A) સંસદીય પગાર
(B) ન્યાયાધીશોના પગાર અને પેન્શન
(C) પ્રધાનમંત્રી કાર્યાલય સંબંધિત ખર્ચ
(D) રાષ્ટ્રપતિ કાર્યાલય સંબંધિત ખર્ચ

91. ગુજરાત રાજ્ય માટેના ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 કોના દ્વારા બનાવવામાં આવ્યા છે?

(A) કેન્દ્ર સરકાર
(B) સર્વોચ્ચ અદાલત
(C) ગુજરાત સરકાર
(D) ઉપરમાંથી એક પણ નહીં

92. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 કયા કાયદા અન્વયે બનાવવામાં આવેલ છે?

(A) ધી ફૂડ પ્રોડક્ટ્સ ઓર્ડર 1955
(B) ગ્રાહક સુરક્ષા કાયદો 1986
(C) ધી સ્ટાન્ડર્ડસ ઓફ વેઈટ્સ એન્ડ મેઝર્સ 1986
(D) ધી લીગલ મેટ્રોલોજી એક્ટ 2009

93. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો-2011માં આવતી "પ્રિ પેકડઝ કોમોડિટી" ની વ્યાખ્યા કયા કાયદામાં કરવામાં આવેલ છે?

(A) પેકેઝ્ડ કોમોડિટી એક્ટ 2011
(B) લીગલ મેટ્રોલોજી એક્ટ 2009
(C) ફૂડ પ્રોડક્ટ ઓર્ડર 1955
(D) ગ્રાહક સુરક્ષા કાયદો – 2019

94. નીચેનાં વિધાનો ધ્યાને લોઃ

1. દરેક પેકેજ પર મેન્યુફેક્ચરર અથવા પેકરનું નામ અને સરનામું દર્શાવવું ફરજિયાત છે.

2. આયાતી પેકેજ પર ઈમ્પોર્ટરનું નામ અને સરનામું દર્શાવવું ફરજિયાત નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહી

95. નીચેનાં વિધાનો ધ્યાને લોઃ

1. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 તા.07/03/2011 થી અમલમાં છે.

2. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 સમગ્ર ભારત દેશમાં તા.01/04/2011 થી અમલમાં છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહી

96. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 મુજબ કોઈપણ રીટેલ પેકેજ પર નીચે પૈકી કઇ વિગત/વિગતો દર્શાવવી ફરજિયાત છે?

1. કસ્ટમરકેર અધિકારીનો ટેલીફોન નંબર

2. કસ્ટમરકેર અધિકારીનું ઈ-મેઈલ એડ્રેસ

3. કસ્ટમરકેર અધિકારીનું સરનામું

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2
(D) 1, 2 અને 3

97. નીચેનાં વિધાનો ધ્યાને લોઃ

1. રીટેલ પેકેજ પર દર્શાવેલ MRP (મહત્તમ છૂટક વેચાણ કિંમત) પેકેજનો ઉત્પાદક પેકેજ પર પ્રિન્ટ થયા બાદ પણ બદલી શકે છે.

2. રીટેલ પેકેજ પર દર્શાવેલ MRP (મહત્તમ છુટક વેચાણ કિંમત) પેકેજનો અધિકૃત રીટેલ / હોલસેલ ડીલર ઉત્પાદકની પરવાનગીથી બદલી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહિ

98. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 મુજબ તમામ રીટેલ પેકેજ પર ઉત્પાદન થયા માસ તથા વર્ષ દર્શાવવાનું ફરજિયાત છે. પરંતુ નીચેની પેકેઝ્ડ કોમોડિટીઝ પૈકી કોના માટે ફરજિયાત નથી?

1. બીડીનું પેકેજ

2. અગરબત્તીનું પેકેજ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહિ

99. નીચેનાં વિધાનો ધ્યાને લોઃ

1. બીડીના પેકેજ ઉપર પણ ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 ની જોગવાઈઓ મુજબ મહત્તમ વેચાણ કિંમત (MRP) દર્શાવવાની થાય છે.

2. જાહેર ક્ષેત્રની ઓઇલ કંપની દ્વારા ઉત્પાદિત ઘરેલુ વપરાશ માટેના 5 કી.ગ્રા. તથા 14.2 કી.ગ્રા. વજનના LPG ગેસ સિલિન્ડર પર પણ ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011ની જોગવાઈઓ મુજબ મહત્તમ વેચાણ કિંમત (MRP) દર્શાવવાની થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહિ

100. નીચેનાં વિધાનો ધ્યાને લોઃ Cancelled

1. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 માં છેલ્લા સુધારા પ્રમાણે હવેથી દરેક પેકેજ પર યુનિટ સેલ પ્રાઇસ (USP) દર્શાવવી ફરજીયાત છે.

2. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 મા છેલ્લા સુધારા પ્રમાણે હવેથી દરેક પેકેજ પર અગાઉની જેમ મેક્સિમમ રીટેલ પ્રાઇસ (MRP) દર્શાવવી ફરજિયાત છે. પરંતુ યુનિટ સેલ પ્રાઇસ (USP) દર્શાવવી ફરજિયાત નથી.

3. ધ લીગલ મેટ્રોલોજી (પેકેઝ્ડ કોમોડિટીઝ) નિયમો - 2011 માં છેલ્લા સુધારા પ્રમાણે હવેથી દરેક પેકેજ પર મેક્સિમમ રીટેલ પ્રાઇસ (MRP) તથા યુનિટ સેલ પ્રાઇસ (USP) બંને કિંમતો દર્શાવવી ફરજિયાત છે.

ઉપર પૈકી કયું વિધાન સાચું છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 3
(D) એક પણ નહિ

101. માહિતી અધિકાર કાયદાના મુખ્ય હેતુઓ ______________ છે.

1. નાગરિકોનું સશક્તિકરણ

2. પારદર્શિતાને પ્રોત્સાહન

3. સરકારના કાર્યમાં જવાબદેહી

4. મુક્કદમા કરવા

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2, 3 (B) ફક્ત 2, 3, 4

(C) ફક્ત 1, 2, 4 (D) ફક્ત 1, 3, 4

102. માહિતી અધિકાર કાયદાના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ કાયદા હેઠળ પ્રદાન કરી શકાય તેવી માહિતીના સંદર્ભમાં અમુક અપવાદો છે.

2. આ અધિનિયમ અમલમાં આવ્યા પછી, પ્રથમ 120 દિવસ માટે માહિતી આપવામાંથી મુક્તિ આપવામાં આવેલ હતી.

ઉપર પૈકી કયું/ કયા વિધાન/ વિધાનો સાચું/ સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

103. માહિતી અધિકાર અધિનિયમની પ્રસ્તાવના મુજબ આ કાયદો નીચે પૈકી કોને માહિતી આપવા સૂચવે છે?

(A) જે માહિતીની અવગણના કરે છે

(B) જે માહિતીનો અનાદર કરે છે

(C) જે માહિતી મેળવવાની ઈચ્છા ધરાવે છે

(D) ઉપરના માંથી એક પણ નહીં

104. RTI Act ની પ્રસ્તાવના એવી દલીલ કરે છે કે વાસ્તવિક વ્યવહારમાં માહિતીનાં સાક્ષાત્કાર સાથે વિરોધાભાસ થવાની સંભાવના છે. Cancelled

(A) ખાનગી હિતો (B) અન્ય જાહેર હિતો

(C) અન્ય નાણાકિય હિતો (D) ઉપરના માંથી એક પણ નહીં

105. માહિતીની સ્વતંત્રતા (FOI) / RTI કાયદાઓ __________ તરીકે પણ ઓળખાય છે.

(A) સરકાર વિરોધી કાયદાઓ (B) ખુલ્લી સરકારના કાયદાઓ

(C) કાળા કાયદાઓ (D) વિકાસ વિરોધી કાયદાઓ

106. Section 4 (1)(b)(xi) - RTI Actની જોગવાઈ મુજબ, જાહેર સત્તાએ ________પ્રકાશિત કરવું જોઈએ.

(A) દરેક સંસ્થાને ફાળવાયેલું બજેટ
(B) પ્રસ્તાવિત ખર્ચા
(C) વિતરણનો અહેવાલ
(D) ઉપરના તમામ

107. RTI Act ના Section (4)(1)(b)(xii) જણાવે છે કે જાહેર સત્તાએ ________ પ્રકાશિત કરવા જોઈએ.

(A) રાહત મેળવનારાઓની વિગત
(B) પરવાનગી મેળવનારાઓની વિગત
(C) અધિકૃત અનુદાન મેળવનારાઓની વિગત
(D) ઉપરના તમામ

108. RTI કાયદાની કલમ (2)(i) હેઠળ "રેકોર્ડ" ની વ્યાખ્યામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?

(A) દસ્તાવેજ
(B) હસ્તપ્રત
(C) ફાઈલ
(D) ઉપરોક્ત તમામ

109. RTI કાયદાની કઈ જોગવાઈમાં જાહેર માહિતી અધિકારી દ્વારા વધુ ફીની ચૂકવણી માટેની અરજદારને જાણ કરવાની જોગવાઈ છે?

(A) કલમ 6(3)
(B) કલમ 7(3)
(C) કલમ 8
(D) ઉપરોક્ત માંથી કોઈ પણ નહીં

110. RTI કાયદાની પ્રસ્તાવના જણાવે છે કે માહિતીની પારદર્શિતા નીચે પૈકી શાને માટે જરૂરી છે.

(A) ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે
(B) ભ્રષ્ટાચાર રોકવા માટે
(C) ભ્રષ્ટાચારને પ્રોત્સાહિત કરવા
(D) ભ્રષ્ટાચારને માપવા માટે

111. ગુજરાતમાં કયા વર્ષમાં નાગરિક અધિકાર પત્ર પ્રસ્તાવિત કરવામાં આવ્યું?

(A) 1995
(B) 1998
(C) 2002
(D) 1999

112. ગુજરાતના RCPC Act 2013 માં નિયુક્ત સત્તાધિકારીને અપીલ કરવાની જોગવાઈ પ્રકરણ ______ માં સામેલ કરાયેલ છે.

(A) પ્રકરણ-2
(B) પ્રકરણ-4
(C) પ્રકરણ-5
(D) ઉપર માંથી એક પણ નહીં

113. R.C.P.A અધિનિયમ, 2013- ગુજરાતની કલમ 6 અનુસાર ફરિયાદ મળ્યા પછી કયા અધિકારી અધિનિયમની જોગવાઈ અનુસાર ફરિયાદનું નિરીકરણ થાય તેની ખાતરી કરવા જવાબદાર રહેશે?

(A) ડિસ્ટ્રિક્ટ કલેક્ટર
(B) સચિવ, સામાન્ય વહીવટી વિભાગ
(C) રાજ્ય એટલે સત્તા મંડળ
(D) ઉપરના માંથી એક પણ નહીં

114. R.C.P.S. Act, 2013, ગુજરાતમાં નિયત સમયગાળામાં સેવા ન આપવા બદલ દંડની રકમ શું છે?

(A) રૂ.5000/-
(B) રૂ.10,000/-
(C) રૂ.10,000/- સુધી
(D) રૂ.15,000/-

115. કોના દ્વારા POSDCORB નો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો?

(A) એફ. ટેલર
(B) ડવાઈટ વાલ્ડો
(C) વુડરો વિલ્સન
(D) ગુલીક અને ઉરવીક

116. કોને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન ના પિતા તરીકે ગણવામાં આવે છે?

(A) વુડરો વિલ્સન
(B) ડીમોક
(C) એફ. ડબલ્યુ. ટેયલર
(D) ઉપરના માંથી એક પણ નહીં

117. ભારતમાં ક્યાં વિદ્વાનોએ I.A.S અધિકારીઓની વર્તણૂકની પદ્ધતિનો અભ્યાસ કર્યો છે?

(A) વી. એ. પાઇપન્નાડીકર
(B) કુલદીપ માથુર
(C) પોલ એચ. એપેલેબી
(D) સી. પી. ભાંભરી

118. "વિકાસશીલ દેશોમાં વહીવટ" પુસ્તકના લેખક કોણ છે?

(A) એફ. ડબલ્યુ. રીગસ
(B) ડવાઈટ વાલ્ડો
(C) માર્શલ ડીમોક
(D) રોબર્ટ ડહાલ

119. "વિકાસ પ્રશાસનની" વિભાવનાના નીચેનામાંથી કોણ એક તેના પ્રણેતા છે?

(A) મોન્ટેગમોરી
(B) એડવર્ડ વીડનર
(C) રોબર્ટ ડહાલ
(D) મોહિત ભટ્ટાચાર્ય

120. "તાલીમ (ટ્રેનિંગ) નું કાર્ય કર્મચારીઓની યાંત્રિક કાર્યક્ષમતાના દ્રષ્ટિકોણથી જ નહીં, પરંતુ જાહેર સેવકોને જરૂરી હોય તેવા વ્યાપક દ્રષ્ટિકોણ અને પરિપ્રેક્ષ્યની દ્રષ્ટિએ પણ વૃદ્ધિ કરવામાં મદદ કરવાનું છે".

ઉપરોક્ત નિવેદનના લેખક કોણ હતા?

(A) ફેલિક્સ નીગ્રો
(B) ડેવિડ ઇસ્ટન
(C) બેથમ ડેવિડ
(D) ઉપરના માંથી એક પણ નહીં

121. વ્યક્તિઓના નિયમિત વર્તન અને નિર્ણય લેવાનું માર્ગદર્શન આપતા મૂલ્યોનો સ્રોત કયો છે?

(A) સંસ્કૃતિ
(B) વ્યક્તિગત પરિબળો
(C) જીવનના અનુભવો
(D) ધર્મ

122. ભાવનાત્મક બુદ્ધિમતા (બુદ્ધિ) શબ્દ ક્યાંથી આવ્યો?

(A) પીટર સલાવોય અને જહોન મેયર
(B) સ્લોમાન એ, ક્રોચર એમ
(C) ક્રોનબેક એલ. જે.
(D) ડેન ગોલમેન

123. ઓછી ભાવનાત્મક બુદ્ધિમતાનું હોવાનું એક લક્ષણ ________ છે.

(A) લાગણીઓ વ્યક્ત કરવામાં તકલીફ
(B) રડવું
(C) બીજાને ઇગ્નોર કરવા
(D) ઉપરના માંથી એક પણ નહીં

124. લોકપાલ અને લોક આયુક્ત બિલ 2011, સંસદ દ્વારા ક્યારે પસાર કરવામાં આવ્યું હતું?

(A) 15 ડિસેમ્બર, 2011
(B) 22 જાન્યુઆરી, 2013
(C) 17 ડિસેમ્બર, 2012
(D) 17 ડિસેમ્બર, 2013

125. ભ્રષ્ટાચાર ધારણા સૂચકાંક કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે?

(A) યુ. એન
(B) યુનેસ્કો
(C) વિશ્વ બેન્ક
(D) ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ

126. પારદર્શિતા ________ ને સક્ષમ કરે છે.

(A) ભ્રષ્ટાચાર
(B) જવાબદારી
(C) ભાઈ-ભત્રીજાવાદ
(D) ઉપરના માંથી એક પણ નહીં

127. નીચેનામાંથી કોણે ભારપૂર્વક જણાવ્યું છે કે સત્તાની સ્વીકૃતિ અથવા સંમતિ તાબાનાં કર્મચારી વર્ગ પર આધારિત છે?

(A) એલ્ટન મેયો
(B) હર્બટ સિમોન
(C) એફ. ડબલ્યુ. ટેયલર
(D) ચેસ્ટર બર્નાર્ડ

128. નીચેનામાંથી કોણે માનવતાવાદી મનોવિજ્ઞાન પર આધારિત પ્રેરણાના સિદ્ધાંતનો પ્રસ્તાવ રજૂ કર્યો છે?

(A) ઉરવીક
(B) રીગ્સ
(C) લેનીન
(D) એ. માસ્લો

129. કાર્યક્ષમતા, વ્યવસાયિક કૌશલ્ય અને જ્ઞાનની વૃદ્ધિ માટે શું જરૂરી છે?

(A) તાલીમ
(B) કસરત
(C) પરીક્ષા
(D) ઉપરના માંથી એક પણ નહીં

130. સેબી (SEBI) ની બીન કાયદાકીય સંસ્થા તરીકેની રચના ક્યારે કરવામાં આવી હતી?

(A) એપ્રિલ 1988
(B) જાન્યુઆરી 1992
(C) ઓગસ્ટ 1998
(D) જાન્યુઆરી 1999

131. લાભનો મૂળભૂત નૈતિક સિદ્ધાંત જણાવે છે કે ______________

(A) આપણા વિચારો અને કાર્યો અન્ય લોકોના લાભની દિશામાં હોવા જોઈએ

(B) આપણા કાર્યો દ્વારા અન્યોને ઓછામાં ઓછું નુકસાન

(C) અન્યો પર આપણા વિચારો લાદવા નહીં

(D) ઉપરના માંથી એક પણ નહીં

132. આદર્શમૂલક સિદ્ધાંતો એ ________ નું સામાન્યકરણ કરવાનો પ્રયાસ છે.

(A) જવાબદારી નક્કી કરવા

(B) માનવ વર્તનની કાર્યકારી શરતો માટે

(C) સ્વ માટે

(D) ઉપરના માંથી એક પણ નહીં

133. "સ્ટ્રકચર ઓફ સાયન્ટિફિક રીવોલ્યુશન" ના લેખક કોણ છે?

(A) થોમસ કુન

(B) એરિસ્ટોટલ

(C) સોક્રેટીસ

(D) એફ. ડબલ્યુ. ટેયલર

134. ભારતના હાલના લોકપાલ કોણ છે?

(A) ગિરજાશંકર બાજપાઈ

(B) એ .એમ .ખાનવિલકર

(C) જસ્ટિસ હેગડે

(D) ઉપરના માંથી એક પણ નહીં

135. કયા દેશમાં સંગઠિત નાગરિક સેવાનો સૌથી વધુ લાંબા સમયથી ચાલવાનો ઇતિહાસ છે?

(A) ભારત

(B) ચીન

(C) બ્રિટન

(D) ઉપરના માંથી એક પણ નહીં

136. નોકરશાહી શબ્દની ઉત્પતિ 18 મી સદીમાં________ને લાગુ પડે છે. Cancelled

(A) વિનસેટ દ. બર્મી

(B) વોશિંગ્ટન

(C) વુડરો વિલ્સન

(D) ઉપરના માંથી એક પણ નહીં

137. એબિલિટી – ફોક્સ્ડ એપ્રોચ ________ ની સાથે સંકળાયેલ છે.

(A) કરપ્શન

(B) ભાવનાત્મક બુદ્ધિમત્તા

(C) A અને B બંને

(D) ઉપરના માંથી એક પણ નહીં

138. અનુચ્છેદ 262 ________ની સાથે સંકળાયેલ છે.

(A) ભ્રષ્ટાચાર

(B) સરહદી વિવાદ

(C) આંતરરાજ્ય સ્થળાંતરણ

(D) આંતરરાજ્ય પાણી વિવાદ

139. ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ અસ્પૃશ્યતા નાબુદી સંબંધે છે?

(A) 22 મો અનુચ્છેદ
(B) 17 મો અનુચ્છેદ
(C) 232 મો અનુચ્છેદ
(D) 226 મો અનુચ્છેદ

140. કયા દિવસે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ઉજવવામાં આવે છે?

(A) 26 જાન્યુઆરી
(B) 15 ઓગસ્ટ
(C) 24 એપ્રિલ
(D) 2 ઓક્ટોબર

141. અનુચ્છેદ 40 કયા બંધારણીય સુધારા સાથે સંકળાયેલ છે?

(A) 73 મો બંધારણીય સુધારો
(B) 77 મો બંધારણીય સુધારો
(C) 93 મો બંધારણીય સુધારો
(D) ઉપરના માંથી એક પણ નહીં

142. જસ્ટિસ મદન મોહન પંછી _________ સાથે સંકળાયેલ હતા.

(A) કેન્દ્ર રાજ્ય સંબંધ
(B) મહારાષ્ટ્ર એસ.સી./ એસ.ટી. પંચ
(C) SC/ST અનામત પંચ
(D) ઉપરના માંથી એક પણ નહીં

143. કયા વર્ષમાં પી.સી. હુટા સમિતિ (નાગરિક સેવામાં રીફોર્મ) માટે બનાવવામાં આવી?

(A) 2003
(B) 2004
(C) 2005
(D) 2006

144. 73 મો બંધારણીય સુધારો _________ સંબંધિત છે.

(A) રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાભિયોગ
(B) જિલ્લા કલેકટરની નિમણૂક અંગે
(C) વિધાનસભામાં બેઠકોની અનામત અંગે
(D) પંચાયતી રાજ અંગે

145. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ __________ છે.

(A) પાર્લામેન્ટરી સંસ્થા
(B) એન.જી.ઓ
(C) વૈધાનિક સંસ્થા
(D) ઉપરના માંથી એક પણ નહીં

146. RTI Act - 2005 અનુસાર પ્રથમ અપીલના નિકાલ માટે પ્રથમ અપીલ સત્તાધિકારીને કેટલી સમય મર્યાદા મળેલ છે?

(A) 30 - 45 દિવસ
(B) 10 -15 દિવસ
(C) 50 - 60 દિવસ
(D) કોઈ સમય મર્યાદા નહીં

147. 1960 માં કોના દ્વારા અનુસૂચિત વિસ્તાર અને અનુસૂચિત જનજાતિ અંગે અનુચ્છેદ 339 અન્વયે આયોગની નિમણૂક કરેલ?

(A) ભારતના રાષ્ટ્રપતિએ
(B) ભારતના વડાપ્રધાને
(C) રાજ્ય સભાના સ્પીકરે
(D) લોકસભાના સ્પીકરે

148. 2010 માં જસ્ટિસ સરકારિયા __________ કમિશનના વડા હતા.

(A) કેન્દ્ર -રાજ્ય સંબંધો
(B) આંતરરાજ્ય પાણી વિવાદ પંચ
(C) સેબી
(D) ઉપરના માંથી એક પણ નહીં

149. રાજ્ય નાણાપંચ એ __________ છે.

(A) કાનૂની માળખું
(B) વૈધાનિક
(C) બંધારણીય સંસ્થા
(D) ઉપરના માંથી એક પણ નહીં

150. 1829 માં કયો કાયદો પસાર કરવામાં આવેલ?

(A) બળવાનો કાયદો
(B) બંગાળ સતી રેગ્યુલેશન કાયદો
(C) ઓરિસ્સા કાયદો
(D) ઉપરના માંથી એક પણ નહીં

151. નીચેનામાંથી કયા કાર્યો જિલ્લા કલેકટરના છે?

1. જમીન મહેસૂલ
2. કાયદો અને વ્યવસ્થાની જાળવણી
3. જિલ્લા વિકાસ કાર્યો
4. નીતિ વિષયક બાબતોના નિર્ણય કરવા

(A) ફક્ત 1, 2, 3
(B) ફક્ત 1, 2, 4
(C) ફક્ત 2, 3, 4
(D) ઉપરના માંથી એક પણ નહીં

152. નીચેનામાંથી કયું ગ્રામસભાનું કાર્ય નથી?

(A) ગ્રામીણ આરોગ્ય
(B) જળ આયોજન
(C) આદિવાસી કલ્યાણ
(D) વસ્તી ગણતરી

153. ________ ત્યારે થાય છે કે જ્યારે પરિપક્વતા અને અનુભવના કારણે મનુષ્યમાં વ્યવસ્થિત અને પ્રગતિશીલ ફેરફારો થાય છે.

(A) વૃદ્ધિ
(B) વિકાસ
(C) શારીરિક ફેરફારો
(D) માનસિક ફેરફારો

154. ભારત સરકાર દ્વારા બેરોજગારી દુર કરવા માટે નીચે પૈકી કઈ યોજના/ યોજનાઓ ચાલુ કરવામાં આવેલ છે?

(A) સંકલિત ગ્રામ વિકાસ યોજના
(B) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ
(C) મનરેગા
(D) ઉપરના તમામ

155. હેનરી ફેયોલનો જન્મ કયા વર્ષમાં થયો હતો?

(A) 1845
(B) 1841
(C) 1842
(D) 1857

156. અમેરિકન સોસાયટી ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ સમક્ષ “એ પીસ રેટ સિસ્ટમ” પેપર કોના દ્વારા રજુ કરવામાં આવ્યું હતું?

(A) એફ .ડબલ્યુ. ટેયલર
(B) એલ્ટન મેયો
(C) એડીશન
(D) હેનરી ફેયોલ

157. ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થા નીચેનામાંથી કયા અનુચ્છેદ પર આધારિત છે?

(A) 40
(B) 46
(C) 226
(D) 19

158. દ્રઢતા નો અર્થ __________

(A) ઉચ્ચ સ્તરની બુદ્ધિ હોવી
(B) કશુક કરવું
(C) સફળતા પ્રાપ્ત કરવામાં મુશ્કેલી અથવા વિલંબ હોવા છતાં કંઈક કરવું
(D) સતત ચર્ચા કરવી

159. “લક્ષણ” ________ છે

(A) મનનું વર્ણન કરવાનો બીજો શબ્દ
(B) લાગણી
(C) માન્યતા
(D) વર્તન, વિચારો અને લાગણીઓની તરાહ

160. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં આંતરરાજ્ય જળવિવાદના નિર્ણયની જોગવાઈ છે?

(A) અનુચ્છેદ 268
(B) અનુચ્છેદ 263
(C) અનુચ્છેદ 262
(D) અનુચ્છેદ 226

161. અસ્પૃશ્યતા નિવારણનો ઉલ્લેખ ભારતીય બંધારણના અનુચ્છેદ ________ માં કરાયેલ છે?

(A) 17
(B) 19
(C) 226
(D) ઉપરના માંથી એક પણ નહીં

162. આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરિત ક્રાંતિના પિતામહ તરીકે કોને ગણવામાં આવે છે?

(A) થોમસ માલ્થુસ
(B) સેસીલ સલમાન
(C) નોર્મન બોરલોંગ
(D) ઉપરના માંથી એક પણ નહીં

163. નીચેનામાંથી કયા વર્ષમાં ભારતના બંધારણનો પ્રથમ બંધારણીય સુધારા અધિનિયમ અમલમાં આવ્યો?

(A) 1971
(B) 1959
(C) 1951
(D) 1950

164. ભારતમાં “ઓમ્બુડઝમાનને” શું કહેવાય છે?

(A) લોકપાલ અને લોક આયુક્ત
(B) સી .વી .સી
(C) સેબી
(D) બેંક

165. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી?

(A) 2009
(B) 2010
(C) 2013
(D) 2015

166. સાતમો બંધારણીય સુધારો __________ ને લગતો છે.

(A) એક કરતાં વધુ રાજ્યોમાં એક જ વ્યક્તિની રાજ્યના ગવર્નરની નિમણૂક
(B) હાઇકોર્ટના ન્યાયાધીશોની નિવૃત્તિ વય વધારવા માટે
(C) પ્રિવી પર્સીસના નાબૂદી માટે
(D) ઉપરના માંથી એક પણ નહીં

167. નીચેનામાંથી કયો અનુચ્છેદ રાજ્યપાલશ્રીના શપથને લગતો છે?

(A) 155
(B) 158
(C) 159
(D) 154

168. કયો અનુચ્છેદ ગવર્નરશ્રીને વટહુકમ અંગેની સત્તા આપે છે?

(A) 200
(B) 213
(C) 161
(D) 167

169. રાજ્યની કારોબારી સત્તા ____________ દ્વારા નિહિત છે

(A) રાજ્યપાલ

(B) મુખ્યમંત્રી

(C) કેબિનેટ

(D) રાષ્ટ્રપ્રમુખ

170. લદાખના સૌ પ્રથમ લેફ. ગવર્નર કોણ હતા?

(A) થપસ્તાન ચિવાંગ

(B) આર.કે મલ્હોત્રા

(C) આર. કે માથુર

(D) જન્યાંગ ટી

171. ગવર્નર તરીકે નિમણૂંક પામનાર સૌ પ્રથમ મહિલા કોણ હતું?

(A) ઈલા ભટ્ટ

(B) સરોજિની નાયડુ

(C) પદ્મજા નાયડુ

(D) સુચેતા કૃપલાની

172. નીતિ વિષયક નિર્ણયો લેતી વખતે નીચેનાંમાંથી કયા પ્રશ્નો નૈતિક મુદ્દાઓને સંબોધતા નથી?

(A) જાહેર ભાગીદારી સાથે ગુપ્તતાની જરૂરિયાતને કેવી રીતે સંતુલિત કરવી જોઈએ?

(B) હિતોના સંઘર્ષની સ્થિતિમાં કઈ પ્રક્રિયા અપનાવવી જોઈએ?

(C) નીતિવિષયક નિર્ણયો શાસક પક્ષની નામના અને કાયદાઓ કેવી રીતે પ્રતિબિંબિત કરે છે?

(D) નીતિ વિષયક નિર્ણય લેનારાઓના વર્તનને માર્ગદર્શન આપતા ધોરણો અને મૂલ્યો શું છે?

173. લોક પ્રસાશનનો હેતુ ____________ માટે નથી. Cancelled

(A) લાલ ફીતાશાહી

(B) ભાઈ ભત્રીજાવાદ

(C) નફો

(D) ઉપરના માંથી એક પણ નહીં

174. નીચેનામાંથી ક્યુ બાળકના નૈતિક મૂલ્યોના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે?

(A) સામાજિક વાતાવરણ

(B) સામાજીકરણ

(C) બુદ્ધિ

(D) ઉપરના તમામ

175. સંચારની શરૂઆત _________ થી થાય છે.

(A) વિચારની ઉત્પત્તિ

(B) સંકેતિકરણ

(C) ડીકોડીંગ (સંકેતિકરણની સમજ)

(D) પ્રણાલી પસંદગી

176. નૈતિક કૌશલ્યો એટલે __________

(A) સંપત્તિની સંભાળ

(B) સારું વર્તન, સારી રીત ભાત

(C) ધ્યાનપૂર્વકતા, આત્મવિશ્વાસ

(D) આચારસંહિતા, જવાબદારી, કાર્યક્ષમતા, દ્રઢતા

177. ભાઈ - ભત્રીજા વાદ શું છે?

(A) સ્વના મનોબળને નબળું પાડવું

(B) સતામણી

(C) મિત્રો / સંબંધીઓને અનુચિત મદદ કરવી

(D) નિરંકુશ નિર્ણય પ્રક્રિયા

178. ભાવનાત્મક બુદ્ધિ એ અન્ય બુદ્ધિથી __________અલગ છે

(A) તે કુશલતાનો સમૂહ છે

(B) તે માપી શકાય નહીં

(C) તે ભાવનાત્મક તર્ક, ક્ષમતા અને જ્ઞાન પર આધારિત છે.

(D) ઉપરના માંથી એક પણ નહીં

179. કયા વર્ષમાં ભારતની સંસદ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની રચના કરવામાં આવી હતી?

(A) 1988
(B) 1999
(C) 1996
(D) 2011

180. એસ.સી. / એસ. ટી. (અત્યાચાર નિવારણ) કાયદા 1989 અન્વયે કોણ સામૂહિક દંડ વસૂલવા અધિકાર ધરાવે છે?

(A) જિલ્લા ન્યાયાધીશ
(B) રાજ્ય સરકાર
(C) ખાસ અદાલત
(D) હાઇકોર્ટ

181. અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય આયોગના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે?

(A) રાષ્ટ્રપતિ
(B) લોકસભાના સ્પીકર
(C) ઉપરાષ્ટ્રપતિ
(D) ઉપરના માંથી એક પણ નહીં

182. સુશાસન દિવસની ઉજવણી __________ દિવસે કરવામાં આવે છે.

(A) 26 માર્ચ
(B) 15 ઓગસ્ટ
(C) 24 એપ્રિલ
(D) 25 ડિસેમ્બર

183. નીચેનામાંથી કયા રાજ્યોમાં બંધારણના 73 માં સુધારા અન્વયે પંચાયતમાં એસ.સી. માટેની અનામતની જોગવાઈ લાગુ પડતી નથી?

(A) નાગાલેન્ડ
(B) અરુણાચલ પ્રદેશ
(C) મિઝોરમ
(D) મેઘાલય

184. રાજગોપાલાચારીનો જન્મ __________ વર્ષમાં થયો હતો.

(A) 1879 (B) 1889

(C) 1899 (D) 1901

185. આઝાદી પછી, વહીવટી તંત્ર પર સંસદીય નિયંત્રણનો ખ્યાલ કોના દ્વારા સમજાવવામાં આવેલ?

(A) સરદાર પટેલ (B) રાજગોપાલાચારી

(C) જવાહરલાલ નેહરૂ (D) એમ.એમ. માલવીયા

186. લોક પ્રશાસનના સંચાલકીય અભિગમના સમર્થક કોણ હતા?

(A) વુડરો વિલ્સન (B) હેનરી ફેયોલ

(C) શિવાજી (D) કૌટિલ્ય

187. અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક જીતનાર વ્યક્તિ જાહેર વહીવટના તેમના નીચેનામાંથી કયા સુપ્રસિદ્ધ લખાણ માટે જાણીતા છે?

(A) બાઉન્ડેડ રેશનાલિટી (1982) (B) એડમિનિસ્ટ્રેટિવ બિહેવીયર (1945)

(C) ધ શેપ ઓફ ઓટોમેશન (D) ઉપરના માંથી એક પણ નહીં

188. હીટ્રોજેનીટી, ફોર્માલીઝમ અને ઓવરલેપિંગ એ __________ મોડેલની ખાસિયત છે.

(A) "સાલા" મોડેલ (B) અર્બન મોડેલ

(C) અર્બન અને સાલા મોડેલ બંને (D) ઉપરના માંથી એક પણ નહીં

189. કોણે એવું કહ્યું હતું કે "નોકરશાહી" એક એવું વર્તુળ છે કે જેમાંથી કોઈ પણ છટકી શકે નહીં?

(A) વેબર (B) ડવાઈટ વાલ્ડો

(C) કાર્લ માર્કસ (D) કૌટિલ્ય

190. 1959માં પંચાયતી રાજની શરૂઆત __________ થી થઈ.

(A) ભોપાલ (B) નાગોર

(C) નાગપુર (D) ખેડા

191. નીચેનામાંથી કયો પંચાયતી રાજ વ્યવસ્થાનો હેતુ માનવામાં આવે છે?

(A) ગ્રામીણ સમૃદ્ધિ (B) ગ્રામીણ વિકાસ

(C) રાજકીય વિકાસ (D) ઉપરના તમામ

192. ૧૯૮૬માં પંચાયતી રાજ માટે કઈ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી?

(A) એલ. એમ. સિંઘવી સમિતિ (B) અશોક મહેતા સમિતિ

(C) જી. વી .કે .રાવ સમિતિ (D) ઉપરના માંથી એક પણ નહીં

193. કેન્દ્ર સરકારના કયા મંત્રાલયે તાજેતરમાં ડિજિટલ ક્રોપ સર્વે શરૂ કર્યો?

(A) ગૃહ મંત્રાલય
(B) વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી વિભાગ
(C) કૃષિ મંત્રાલય
(D) નાણા વિભાગ

194. "સ્વાગત ઓનલાઇન" માં ગુજરાત સરકાર દ્વારા શું કામ કરવામાં આવે છે?

(A) માહિતીનું પ્રસારણ
(B) આંકડાકીય માહિતી
(C) લોક ફરિયાદોનું નિવારણ
(D) શિક્ષણ

195. ATM નું આખું નામ શું છે?

(A) ઓટોમેટીક ટાઈમ મશીન
(B) ઓટોમેટીક ટેલર મશીન
(C) એની ટાઈમ મની
(D) ઓટોમેટેડ ટેલર મશીન

196. C.A.G નું પૂરું નામ શું છે?

(A) સેન્ટ્રલ ઓડિટર જનરલ
(B) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ
(C) ચીફ ઓડિટર જનરલ
(D) કંટ્રોલર ઓફ એકાઉન્ટ જનરલ

197. ભારતના સી.એ.જી. કોણ છે?

(A) નારાયણ મૂર્તિ
(B) શ્રી કે. સંજય મૂર્તિ
(C) આર. કે. સકસેના
(D) ઉપરના માંથી એક પણ નહીં

198. ગુજરાત રાજ્ય ક્યારે અસ્તિત્વમાં આવ્યું?

(A) 1960
(B) 1961
(C) 1959
(D) 1962

199. ઇન્સ્ટિટયૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ ક્યાં આવેલ છે?

(A) ગાંધીનગર
(B) પાલીતાણા
(C) જામનગર
(D) આણંદ

200. કેવી ગ્રામ પંચાયતને "સમરસ" ગ્રામ પંચાયત કહે છે?

(A) સૌથી વધુ સાક્ષરતા વાળુ ગામ
(B) સરપંચ સહિત બધા સભ્યો બિનહરીફ ચૂંટાય
(C) પાણી - સડક હોય
(D) ઉપરના માંથી એક પણ નહીં

## SPACE FOR ROUGH WORK